GUJARAT VIDYAPITH KRISHI VIGYAN KENDRA
AMBHETI, DIST. – VALSAD (GUJARAT)

# NEWSLETTER

JAN.– JUNE, 2023 Number 23



*My life is My Message*

**Chief Editor**

**Dr R. F. Thakor**
Senior Scientist & Head

**Editorial Team**

Shri K. A. Patel
Shri A. R. Patel
Shri L. T .Kapur
Shri M. M. Gajjar
Dr B. M. Patel
Shri P. J. Joshi
Smt P. R. Ahir
Shri P. R. Patel
Smt A. H. Solanki

*Half Yearly Newsletter Published by*

Gujarat Vidyapith
KRISHI VIGYAN KENDRA
AMBHETI –396 191
Dist. Valsad (Gujarat)
E-mail : kvkvalsad@gmail.com
Website : www.kvkvalsad.org

## Launching of Cusom Hiring Centres

Krishi Vigyan Kendra, Valsad organised launching programme of Custom Hiring Centres (CHC) at Amdha village under the chairmanship of Hon. MLA, Kaprada Shri Jitubhai Chaudhary on 11th May, 2023. He launch four CHCs sponsored by ICAR. On this occasion, the useful implements like power sprayer, power weeder, paddy thresher, Millet meal, Battery operated sprayer, winnowing fans, etc. were handed over to the CHCs at Amdha, Mamabhacha, Samarpada and Shahuda villages. Shri. Bhagirathbhai (Member of Taluka Panchayat), Smt. Kusumben, (Sarpanch, Amdha) and about 200 farmers of Amdha, Samarpada, Shahuda and Mamabhacha villages were participated in this programme. Dr. R. F. Thakor (Senior Scientist & Head, KVK) guided on importance of CHC and agriculture development through participatory approach. The farmers were also informed about climate change and agromet advisory by Mrs. Aditi Solanki (DAMU Project, KVK) on this occasion.

Hon. MLA Shri Jitubhai guided the farmers about efficient use of water and to reduce the cost of cultivation by adopting appropriate technologies. He explained with an example of Maharastra state that how the small farmers can increase their income by reducing cost using the CHC. The programme was successfully organised and managed by Mr. P. J. Joshi and Smt. P. R. Ahir of KVK.





## કસ્ટમ હાયરીંગ સેન્ટર- લોકાર્પણ સમારોહ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંભેટી દ્વારા આમધા ગામે તા. ૧૧/૦૫/૨૩ના રોજ ખેત ઓજાર અને સાધન સામગ્રી લોકાર્પણ સમારોહ માનનીય ધારાસભ્યશ્રી જીતુભાઇ ચૌધરીના પ્રમુખ સ્થાને યોજાયો. તેમના વરદ હસ્તે ૪ કસ્ટમ હાયરીંગ કેન્દ્રોનું લોકાર્પણ કરવામાં આવ્યું. જેમાં પાવર સ્પ્રેયર, પાવર વીડર, ડાંગર જુડવાનું થ્રેસર, નાગલી કાઢવાની ઘંટી, બેટરી સંચાલિત પાવર સ્પ્રેયર, ઉપણવાના ઇલેક્ટ્રીક પંખા વગેરે સાધનોનું વિતરણ કરવામાં આવ્યુ. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત સભ્યશ્રી ભગીરથભાઇ, આમધાના સંરપંચ શ્રીમતિ કુસુમબેન તેમજ આમધા, સામરપાડા, સાહુડા અને મામાભાચા ગામના ૨૦૦ જેટલા ખેડુત ભાઇ બહેનોએ ભાગ લીધો. કાર્યક્રમની શરૂઆતમાં કેન્દ્રના વડાશ્રી ડૉ. રાજેન્દ્રસિંહ ઠાકોર દ્વારા કસ્ટમ હાયરીંગ સેન્ટરની જરૂરિયાત તથા ગ્રામજનોની સહ ભાગીદારી થકી કૃષિ વિકાસ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. હવામાનમાં થતાં ફેરફાર અને કૃષિ હવામાન સલાહકારી સેવા અંગે કેન્દ્રના શ્રીમતિ અદિતિ સોલંકી દ્વારા માહિતી પુરી પાડવામાં આવી.

માનનીય ધારાસભ્યશ્રીએ પાણીના કાર્યક્ષમ ઉપયોગ થકી વૈજ્ઞાનિક ઢબે ખેતી કરી ખેતી ખર્ચ ઘટાડવા અંગે માર્ગદર્શન આપ્યું. તેમજ મહારાષ્ટ્ર રાજ્યના એક ઉદાહરણને ટાંકીને આ વિસ્તારના નાના ખેડુતો કસ્ટમ હાયરીંગ સેન્ટરનો ઉપયોગ કરી ઓછા ખર્ચે વધુ નફો મેળવે તે માટે અનુરોધ કર્યો હતો. કાર્યક્રમનું આયોજન અને સંચાલન કેવીકેના શ્રી પી. જે. જોષી તેમજ શ્રીમતિ પ્રેમિલાબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

કિસાન કોલ સેન્ટર ૧૮૦૦૧૮૦૧૫૫૧

## Promotion of Natural Farming

As inspired by Hon. Governor of Gujarat and Chancellor of Gujarat Vidyapith Shri Acharya Devvratji during the meet at KVK Gandhinagar, all technical and scientific staff of all three KVKs of Gujarat Vidyapith participated in the training programme on natural farming during 20 to 22 April, 2023 at Gurukul, Kurukshetra. For promotion of Natural Farming in South Gujarat, KVK Valsad organised 17 residential training programmes of two days duration on natural farming for technical and farmer master trainers (TMT/FMT) in collaboration of Directorate ATMA and SAMETI, Gandhinagar, Gujarat. About 242 technical master trainers and 198 farmers master trainers of seven districts of South Gujarat participated. During the training programmes, the details on different aspects of natural farming like importance and role of Deshi Cow, microorganisms, earthworms, preparation of Jivamrit/Ghan Jivamrit and Bijamrit, types of mulching, vapsa condition and irrigation management, mix cropping, crop protection in natural farming, natural enemies of pest diseases, resistance power, Jantunashak astro like Neemastra, Brahmastra, Agnistra, Dashparni Ark, etc. were discussed theorically and practically by the experts of KVK. The KVK also organised three training programmes and other extension activities on natural farming for the farmers of Valsad district and also participated in other programmes arranged by ATMA project.






## પ્રાકૃતિક ખેતી પ્રચાર પ્રસાર

ગૂજરાત વિદ્યાપીઠના માનનીય કુલપતિશ્રી અને ગુજરાત રાજ્યના માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શન હેઠળ કેવીકે ગાંધીનગર ખાતે મળેલ બેઠકના અનુસંધાને ગૂજરાત વિદ્યાપીઠના ત્રણે કેવીકેના તમામ ટેકનીકલ અને વૈજ્ઞાનિક સેવકોએ તા. ૨૦ થી ૨૨ એપ્રિલ,૨૦૨૩ દરમ્યાન ગુરૂકુલ, કુરૂક્ષેત્ર ખાતે પ્રાકૃતિક ખેતી વિશે ત્રણ દિવસીય તાલીમમાં ભાગ લીધો. કેવીકે, અંભેટી દ્વારા આત્મા પ્રોજેક્ટના સહયોગથી પ્રાકૃતિક ખેતી અંગેના બે દિવસીય કુલ ૧૭ તાલીમ કાર્યક્રમોનું આયોજન કેન્દ્ર ખાતે કરવામાં આવ્યું. જેમાં દક્ષિણ ગુજરાતના સાત જિલ્લાઓમાંથી કુલ ૨૪૨ ટેકનિકલ માસ્ટર્સ ટ્રેનર્સ અને કુલ ૧૯૮ ફાર્મર માસ્ટર્સ ટ્રેનર્સશ્રીઓએ ભાગ લીધો હતો. આ તાલીમમાં પ્રાકૃતિક ખેતીના વિવિધ આયામો જેવાકે દેશી ગાય અને સૂક્ષ્મ જીવાણુઓ, અળસિયાનું મહત્વ, જીવામૃત/ઘનજીવામૃત, બીજામૃતનું મહત્વ અને બનાવવાની પધ્ધતિ, આચ્છાદન, વાપસા અને પિયત વ્યવસ્થાપન, સહજીવન: મિશ્રપાકો, પાક સંરક્ષણ- કુદરતી દુશ્મનો, રોગ પ્રતિકારક શક્તિ અને જંતુનાશક અસ્ત્રો જેવાકે નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, અગ્નિઅસ્ત્ર, દશપર્ણી અર્ક, વગેરે વિષયોની સૈધ્ધાંતિક અને પ્રાયોગિક તાલીમ આપવામાં આવી હતી. આ ઉપરાંત કેન્દ્ર દ્વારા વલસાડ જિલ્લાના ખેડુતો માટે પ્રાકૃતિક ખેતી વિશેના ત્રણ તાલીમ કાર્યક્રમો તથા અન્ય વિસ્તરણ પ્રવૃત્તિઓ ગોઠવવામાં આવેલ તેમજ આત્મા પ્રોજેક્ટ દ્વારા આયોજીત કાર્યક્રમોમાં ભાગ લેવામાં આવેલ.

## Celebration of International Millet Year

The current year 2023 is celebrated as "International Millet Year". KVK Valsad is organising various activities to aware the farmers and farm women about millets. Front line demonstration on high yielding variety of finger millet i.e. Guj. Nagli-9 in 40 ha area was organised in different villages of Kaprada block covering 120 farmers during Kharif season. KVK experts also guided more than 900 farmers and farm women about millets and its value addition during various awareness programmes organised at Dharampur, Samarpada (organised by KVK in collaboaration with NABARD), Veribhavada, Amdha and at KVK. The KVK also participated in Krishi Mela and exhibition organised at Kaprada and Pardi by department of Agri. & ATMA project .




## આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષની ઉજવણી

માનવ જીવનમાં હલકાં તૃણ ધાન્યોનું મહત્વ સમજાય તે માટે વૈશ્વિક જાગૃત્તિ લાવવા વર્ષ ૨૦૨૩ને આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ તરીકે ઉજવવામાં આવી રહ્યુ છે ત્યારે કેવીકે દ્વારા પણ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. કેન્દ્ર દ્વારા ચાલુ વર્ષે કપરાડા તાલુકાના વિવિધ ગામોમાં નાગલી પાકની સુધારેલ જાત ગુજ. નાગલી-૯ ના ૪૦ હે. વિસ્તારમાં ૧૨૦ ખેડુતોના ખેતરે નિદર્શનો ગોઠવવામાં આવ્યાં. ધરમપુર, સામરપાડા(નાબાર્ડ પુરસ્કૃત), વેરીભવાડા, આમધા, અને કેવીકે ખાતે યોજાયેલ જાગૃત્તતા શિબિરોમાં કેન્દ્રના તજજ્ઞો દ્વારા ઉપસ્થિત ૯૦૦ થી વધુ ખેડુત ભાઇ બહેનોને હલકાં તૃણ ધાન્યો અને તેના મૂલ્યવર્ધન વિશે માહિતગાર કરવામાં આવ્યાં. ખેતીવાડી તથા આત્મા વિભાગ દ્વારા કપરાડા અને પારડી ખાતે આયોજીત કૃષિ મેળા અને પ્રદર્શનમાં કેવીકેએ ભાગ લીધો હતો.

## Seminar on Pulse Crops

A seminar on pulse crops was organised at KVK on 12th April,2023 in which about 61 farmers were participated. The details on importance of pulses, characteristics of different varieties, scientific technologies to improve the quality production of pulse crops, integrated fertilizer and pest diseases management, post harvest technologies and value additions, etc were explained by Dr Pankaj Bhalerao (NAU) and Shri Mitesh Gajjar, SMS of KVK.



## કઠોળ પાક પરિસંવાદ

કેવીકે ખાતે તા. ૧૨/૦૪/૨૦૨૩ના રોજ કઠોળ પાક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૬૧ જેટલા ખેડુતોએ ભાગ લીધો. ન.કૃ.યુ.ના વૈજ્ઞાનિકશ્રી ડૉ. પંકજભાઇ તથા કેવીકેના વિષય નિષ્ણાંતશ્રી મિતેશ ગજ્જર દ્વારા કઠોળનું મહત્વ, જુદી જુદી જાતોના લક્ષણો, કઠોળની ગુણવત્તા અને ઉત્પાદન વધારવા માટેની અદ્યતન તાંત્રિક્તાઓ, સંકલિત ખાતર અને રોગ જીવાત નિયંત્રણ, કાપણી પછીનું વ્યવસ્થાપન, મૂલ્યવર્ધન, વગેરે વિશે ખેડુતોને માહિતગાર કરવામાં આવ્યાં.

## Field Day on Chickpea

KVK had organised front line demonstration on chickpea var. GJG-6 on 40 farmers field during Rabi-2023 in Samarsingi, Sadadvera and Dhodhadkuva villages. As a part of demonstration, field day was organised at Samarsingi village of Dharampur block to collect the feed back on the demonstration in which about 41 farmers were participated. The farmers were guided on scientific cultivation practices by Shri. Mitesh Gajjar, SMS(Agro) of KVK.



## ક્ષેત્ર દિન (ચણા પાક)

કેન્દ્ર દ્વારા રવી ઋતુ દરમ્યાન સામરશીંગી, સાદડવેરા અને ધોધડકુવા ગામોમાં ચણા પાકની જી.જે.જી. ૬ જાતના ૩ હે. વિસ્તારમાં ૪૦ ખેડુતોના ખેતરે અગ્ર હરોળ નિદર્શન ગોઠવવામાં આવેલ. જેના ભાગ રૂપે તા. ૦૩/૦૨/૨૦૨૩ના રોજ ધરમપુર તાલુકાના સામરશીંગી ગામે યોજાયેલ ક્ષેત્ર દિનમાં ૪૧ જેટલા ખેડુતોએ ભાગ લીધો. કેન્દ્રના સસ્ય વૈજ્ઞાનિકશ્રી મિતેષ ગજ્જર દ્વારા નિદર્શનના પ્રતિભાવ જાણી ઉપસ્થિત ખેડુતોને ચણાની ખેતી વિશે ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું.

## World Women Day

World women day was organised by KVK at Pati village of Pardi block on 8th March, 2023 with a theme of Atma Nirbhar Bharat – women empowerment through skill and knowledge. About 30 farm women participated in this programme. They were guided on scope and opportunities of various vocations for women upliftment and self sufficiency by Smt. P. R. Ahir, Home Scientist of KVK.



## વિશ્વ મહિલા દિવસ

“આત્મ નિર્ભર ભારત- કૌશલ્ય અને જ્ઞાન થકી મહિલા ખેડુત સશક્તિકરણ” ઉદેશથી કેન્દ્ર દ્વારા તા. ૦૮/૦૩/૨૦૨૩ના રોજ પારડી તાલુકાના પાટી ગામે વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં આયોજિત શિબિરમાં પાટી ગામની ૩૦ જેટલી બહેનોએ ભાગ લીધો. કેન્દ્રના ગૃહ વૈજ્ઞાનિકશ્રી પ્રેમિલાબેન દ્વારા કૌશલ્ય અને જ્ઞાન થકી મહિલા ખેડુત સશક્તિકરણ વિશે સજાગ કરી બહેનોને સ્વનિર્ભરતા માટે વિવિધ ગૃહઉદ્યોગો વિશે સમજ આપવામાં આવી.

## Demo on Drone Technology

To bring awareness among the farmers of Valsad district about use of drone technology in agriculture, Mr. P. J. Joshi, Ag. Engineer of KVK organised method demonstration on spraying through drone at Veribhavada and Khuntli village in collaboration of Garuda Aerospace Pvt. Ltd., Chennai. More than 110 farmers were participated in this practical demonstrion.



## ડ્રોન ટેકનોલોજી નિદર્શન

વલસાડ જિલ્લાના ખેડુતો ખેતીમાં ડ્રોન ટેકનોલોજીના ઉપયોગ વિશે જાગૃત્ત થાય તે હેતુથી ગરુડા એરોસ્પેસ પ્રા. લી., ચેન્નાઇના સહયોગથી કેન્દ્રના કૃષિ ઇજનેરશ્રી પી. જે. જોષી દ્વારા વેરીભવાડા અને ખુંટલી ગામે ખાતર દવાના છંટકાવ માટેની ડ્રોન ટેકનોલોજીના નિદર્શન ગોઠવવામાં આવ્યાં. જેમાં અંદાજે ૧૧૦ જેટલા ખેડુતોએ ભાગ લઇ પ્રત્યક્ષ નિદર્શનનો લાભ લીધો.

## FLD during Kharif 2023 (અગ્ર હરોળ નિદર્શનો- ખરીફ ૨૦૨૩)

| Crop<br>પાક | Variety/Technology<br>જાત/ તાંત્રિક્તા | Area (ha)<br>વિસ્તાર(હે) | Farmers<br>ખેડૂતો | Villages<br>ગામો |
|---|---|---|---|---|
| Paddy<br>ડાંગર | Sardar<br>સરદાર | 25.00 | 125 | Sadadvera, Samarsingi, Nimkhal, Chival, Arnala, Goima, Kachval<br>સાદડવેરા, સામરશીંગી, નીમખલ, ચીવલ, અરનાલા, ગોઇમા, કચવાલ |
| Paddy<br>ડાંગર | GNR-9<br>જી.એન.આર-૯ | 5.0 | 25 | Sadadvera, Samarsingi, Nimkhal, Chival, Goima, Kachval<br>સાદડવેરા, સામરશીંગી, નીમખલ, ચીવલ, ગોઇમા, કચવાલ |
| Nagli<br>નાગલી | Guj.Nagli- 9<br>ગુ.નાગલી- ૯ | 40.00 | 75 | Chandvegan, Veribhavada, Chepa, Moti Palsan, Kaprada<br>ચાંદવેગણ, વેરીભવાડા, ચેપા, મોટી પલસણ, કપરાડા |
| Bittergourd<br>કારેલા | Hybrid Var. Akash<br>હાઇબ્રીડ જાત આકાશ | 2.50 | 25 | Chandvegan<br>ચાંદવેગણ |
| Pigeon pea<br>તુવેર | G.T.105<br>જી.ટી.૧૦૫ | 5.1 | 51 | Panchlai, Arnala, Khutli<br>પંચલાઇ, અરનાલા, ખુંટલી |
| Paddy<br>ડાંગર | Ghan Jivamrut, Depog Nursery<br>ઘન જીવામૃત, ડેપોગ | 8.0 | 40 | Dhodhadkuva, Moti Palsan, Karjun<br>ધોધડકુવા, મોટા પલસણ, કરજુન |

## DAMU Project

Total 51 Agromet advisories were provided to the farmers through various media. Awareness programmes were organised at Ozar, Samarpada, Chavshala, Shahuda village and KVK in which more than 173 farmers were informed about weather forecast, agromet advisory and Meghdoot mobile app.



## DAMU પ્રોજેક્ટ

કુલ ૫૧ કૃષિ હવામાન સલાહકારી બુલેટીન તૈયાર કરી જુદા-જુદા માધ્યમ દ્વારા ખેડુતોને નિયમિત પણે આપવામાં આવેલ. કેવીકે તથા ઓઝર, સામરપાડા, ચાવશાળા અને શાહુડા ગામે ગોઠવેલ ખેડુત જાગૃતત્તા કાર્યક્રમોમાં ઉપસ્થિત ૧૭૩ જેટલા ખેડુતોને કૃષિ હવામાન સલાહકારી સેવા, મેઘદુત મોબાઇલ એપ્લિકેશન અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી.

## SAC Meeting

33rd Scientific Advisory Committee Meeting of KVK was arranged on 24th March,2023 under the chairmanship of Dr Bharat Joshi, Vice Chancellor, Gujarat Vidyapith. Dr Nikhil Bhatt (Registrar, GVP), scientists of NAU, Navsari, officials from various department of district and farmers members were participated. Dr R. F. Thakor, Chief Scientist & Head and experts of KVK presented the activities carried out during last year.



## વૈજ્ઞાનિક સલાહકાર સમિતિ બેઠક

કેવીકેની ૩૩મી વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક તા.૨૪-૦૩-૨૦૨૩ના રોજ કેન્દ્ર ખાતે ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયકશ્રી ડૉ. ભરતભાઇ જોષીના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં વિદ્યાપીઠના કુલસચિવશ્રી ડૉ. નિખિલભાઇ, નવસારી કૃષિ યુનિ.ના વૈજ્ઞાનિકશ્રીઓ, જીલ્લાના વિવિધ વિભાગોના અધિકારીઓ તથા ખેડુત સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિકશ્રી તથા તજજ્ઞો દ્વારા ગત વર્ષ દરમ્યાન કરવામાં આવેલ વિવિધ પ્રવૃત્તિઓના અહેવાલ રજૂ કરવામાં આવ્યાં.

**BOOK - POST**

**From -**
Gujarat Vidyapith
Krishi Vigyan Kendra
Ambheti, Via. Vapi
Ta. Kaprada, Dist. Valsad (Gujarat) 396191